# Vasishtha Genesis School, Baben.
## (Gujarati Medium)

**" જો મહેનત એક આદત બની જાય, તો સફળતા એક 'મુકદ્દર' બની જાય છે. "**

આત્મીય વાલી મિત્રો....... કુશળ હશો.

**નવા ઉમંગ અને ઉત્સાહ સાથે નવા સત્રની શરૂઆત...**

બાળકના સર્વાંગી વિકાસમાં આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્ત્વનો હોય છે. બાળક અને શિક્ષક સાથેનો સુમેળ સંધાય તેમજ બાળકે શાળાએ કે ઘરે કરેલ કાર્યની નોંધ લઈ શકાય તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી શિક્ષક મિટિંગનું આયોજન થતું હોય છે, તે આપ જાણો છો. દરેક વાલી મિટિંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના ...

❖ ધો. 3 થી 9 ના વિદ્યાર્થીઓ માટે તા.30/11/2024 ને શનિવારના રોજ વાલી શિક્ષક મિટિંગ રહેશે. **આ મિટિંગમાં પ્રથમ સત્રાંત પરીક્ષાની ઉત્તરવહી બતાવવામાં આવશે અને પ્રથમ સત્રાંત પરીક્ષાનું પરિણામ પણ આપવામાં આવશે,** તેથી આ મિટિંગમાં આવવું ખૂબ જરૂરી છે.

☞ વાલી શિક્ષક મિટિંગના દિવસે **ડ્રોઈંગ ક્લબ અને ફોટો ક્લબનું પ્રદર્શન પણ રહેશે,** તો આ પ્રદર્શનની અચૂક મુલાકાત લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા નમ્ર વિનંતી.

☞ શિયાળામાં વિદ્યાર્થીઓ શાળાએ અન્ય કલરનું સ્વેટર પહેરીને આવતાં હોય છે પરંતુ જે વિદ્યાર્થીને સ્વેટર પહેરવાની જરૂરિયાત લાગે તે વિદ્યાર્થીએ શાળાએ નક્કી કરેલું બ્લ્યુ કલરનું પિંક પટ્ટીવાળું સ્વેટર પહેરવાનું રહેશે, જેની ખાસ નોંધ લેશો. જો આપની પાસે શાળાએ નક્કી કરેલું સ્વેટર ન હોય તો સ્વેટર વિતરણ તા.30/11/2024 ને શનિવારના રોજ શાળામાં રાખેલ છે, જેની નોંધ લેવી.

☞ શાળાએ નક્કી કરેલું બ્લ્યુ કલરનું પિંક પટ્ટીવાળું સ્વેટર શાળામાંથી લેવું ફરજિયાત નથી અન્ય કોઈ દુકાને ઉપલબ્ધ હોય તો આપ કોઈપણ જગ્યાએથી લઈ શકો છો.

❖ તા.30/11/2024 ને શનિવારના રોજ વાલી મિટીંગમાં આવો ત્યારે જે તે ધોરણના વિદ્યાર્થી-વાલીશ્રીએ નીચે આપેલ રોલ નંબર મુજબના સમય પ્રમાણે જ આવવાનું રહેશે.

- ધો. 3 થી 9 ના રોલ નંબર 01 થી 12 ના વિદ્યાર્થીનો સમય : 08:30 am to 09:30 am
- ધો. 3 થી 9 ના રોલ નંબર 13 થી 24 ના વિદ્યાર્થીનો સમય : 09:30 am to 10:30 am
- ધો. 3 થી 9 ના રોલ નંબર 25 થી 36 ના વિદ્યાર્થીનો સમય : 10:30 am to 11:30 am
- ધો. 3 થી 9 ના રોલ નંબર 37 થી.... ના વિદ્યાર્થીનો સમય : 11:30 am to 12:30 pm

☛ ચાલુ શૈક્ષણિક વર્ષ 2024-25 દ્વિતીય સત્રની ફી જો ભરવાની બાકી હોય તો તા.30/11/2024 ને શનિવારના રોજ ફરજિયાત ભરવાની રહેશે.

**આચાર્યશ્રી**